# 卐 આત્મધર્મ 卐



પૂ૦ ગુરુદેવ શ્રી કાનજીસ્વામી-જન્મશતાબ્દી-વિશેષાંકની પૂર્તિ

મે, ૧૯૮૯ ] ❀ [ કહાન સંવત ૧૦

# ✻ કહાનગુરુ-સ્તુતિ ✻

( રાગ : ધર્મધ્વજ ફરકે છે )

કહાનગુરુ બિરાજો મનમંદિરિયે;
આવો આવો પધારો અમ આંગણિયે;
કલ્પવૃક્ષ ફળ્યાં અમ આંગણિયે.

શી શી કરું તુજ પૂજના, શી શી કરું તુજ વંદના;
ગુરુજી પધાર્યા આંગણે, અમ હૃદય ઉલસિત થઈ રહ્યાં.
પંચમ કાળે પધાર્યા ગુરુ તારણહાર;
સ્વર્ણે બિરાજ્યા સત્ય-પ્રકાશનહાર. ...કહાનગુરુ૦ ૧.

દિવ્ય તારું દ્રવ્ય છે ને દિવ્ય તારું જ્ઞાન છે;
દિવ્ય તારી વાણી છે ને અમ જીવન-આધાર છે.
ચૈતન્યદેવ પ્રકાશ્યા ગુરુ-અંતરમાં;
અમૃતધારા વરસી સારા ભારતમાં. ...કહાનગુરુ૦ ૨.

સૂર્ય–ચંદ્રો ગગનમાં ગુણગાન તુજ કરતા અહો !
મહિમાભર્યા ગુરુદેવ છો, શાસન તણા શણગાર છો.
નિત્યે શુદ્ધાત્મદેવ–આરાધનહાર;
જ્ઞાયકદેવના સાચા સ્થાપનહાર. ...કહાનગુરુ૦ ૩.

શ્રુત તણા અવતાર છો, ભારત તણા ભગવંત છો;
અધ્યાત્મમૂર્તિ દેવ છો, ને જગત–તારણહાર છો.
સૂક્ષ્મ તત્ત્વના ભાવો જાણનહાર;
મુક્તિપંથના સાચા પ્રકાશનહાર....કહાનગુરુ૦ ૪.

ભરી રત્નના થાળો વધાવું ભાવથી ગુરુરાજને;
ભગવંત ભાવિના પધાર્યા, સેવક તારણહાર છે.
કૃપાનાથને અંતરની અરદાસ,
ગુરુચરણોમાં નિત્યે હોજો નિવાસ. ... કહાનગુરુ૦ ૫.

—०—

કહાન
સંવત-૧૦
વર્ષ-૪૬
અંક-૧૧
[ ૫૪૭ ]




વીર
સંવત
૨૫૧૫
સં. ૨૦૪૫
May
A. D. 1989

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# પૂ૦ ગુરુદેવ શ્રી કાનજીસ્વામી-જન્મશતાબ્દી-વિશેષાંકની પૂર્તિ

# સુવર્ણપુરી ( સોનગઢ ) સમાચાર–

અધ્યાત્મમાર્ગપ્રકાશક સ્વાનુભવવિભૂષિત પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની આ પવિત્ર સાધનાસ્થલી સુવર્ણપુરી વિભિન્ન મંગલ ઉત્સવોની શ્રેણીથી સદૈવ પુલકિત રહે છે. જિનમંદિર, નંદીશ્વરજિનાલય, ફાલ્ગુની અષ્ટાહ્નિકા અને પરમાગમમંદિરના વાર્ષિક ઉત્સવોની ઊજવણીનું સમાપન થતાં વેંત જ, પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૫૭મી '**સમ્યક્ત્વ-જયંતી**' નો મંગળ ઉત્સવ આવ્યો. 'સમ્યક્ત્વજયંતી'ના આ મંગળ ઉત્સવમાં પૂજ્ય ગુરુદેવ તેમ જ પૂજ્ય બહેનશ્રી પ્રત્યે શ્રદ્ધાભક્તિવાળા સમ્યક્ત્વ-પ્રેમી મુમુક્ષુ ભાઈ-બહેનોની ઉપસ્થિતિ ઘણી સારી હતી. સવારે મંડલવિધાનપૂજા પ્રસંગે પરમાગમમંદિર લગભગ આખું ભરાઈ જતું હતું. વિદ્યાર્થીઓને પરીક્ષાનો સમય અને વ્યાપારીઓને માર્ચની આખરની તારીખો હોવા છતાં, બહારગામથી ૭૦૦થી અધિક મહેમાનો આ ઉત્સવનો લાભ લેવા આવ્યા હતા.

ઉત્સવમાં પ્રતિદિન સવારે પૂજ્ય ગુરુદેવશ્રીના ટેપપ્રવચન પછી આ૦ પં૦ શ્રી હિંમતલાલભાઈ પ્રાસંગિક સ્તુતિભક્તિ કરાવતા હતા, જેથી વાતાવરણ ઉત્સવના ભક્તિભીના આનંદમય થઈ જતું હતું. ત્યાર પછી પોણો કલાક વીંછિયાનિવાસી શ્રી હિંમતભાઈ

ડગલીનું "બહેનશ્રી ચંપાબેન-અભિનંદનગ્રંથ" ઉપર ઘણી રોચક શૈલીથી ભક્તિભાવભીનું વાંચન થતું હતું. બપોરે સમાગત વિદ્વાનોનાં—શ્રી હિંમતભાઈ ડગલી અને શ્રી શશિકાંત-ભાઈ શેઠ (ભાવનગર) નાં—સમ્યક્ત્વ અને સત્પુરુષના મહિમાથી ભરપૂર શાસ્ત્રપ્રવચનોનો શ્રોતાઓને લાભ મળ્યો હતો. ત્યાર પછી આ૦ પં૦ શ્રી હિંમતલાલભાઈ જે. શાહ દ્વારા જિનમંદિરમાં ઉપશાંતરસઝરતી જિનેન્દ્રભક્તિ અને ત્યાર પછી સમસ્ત સમાજને દરરોજ પ્રશમમૂર્તિ સમ્યક્ત્વવિભૂષિત પૂજ્ય બહેનશ્રીનાં પવિત્ર દર્શનનો અને અનુભવ-રસભીની સૂક્ષ્મ અધ્યાત્મ ધર્મચર્ચાના શ્રવણનો અમૂલ્ય લાભ મળતો હતો. સાંજે અનુક્રમે વઢવાણ-ભજનમંડળી દ્વારા ભક્તિ, પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ-પ્રવચન અને પૂજ્ય બહેનશ્રીની વિડિયો-ધર્મચર્ચા ચાલતાં હતાં; એક દિવસ રાત્રે જામનગરની બાળાઓએ પૂજ્ય બહેનશ્રીની 'સમ્યક્ત્વસાધના' સંબંધી એક સુંદર સંવાદ પ્રસ્તુત કર્યો હતો.

—એ મનોજ્ઞ ભવ્ય કાર્યક્રમથી 'સમ્યક્ત્વ-જયંતી મહોત્સવ' બધાને અતિ આનંદભીનો અનુભૂત થયો હતો.

## * કહાનગુરુ-જન્મશતાબ્દી નિમંત્રણ-પત્રિકા *

'સમ્યક્ત્વજયંતી'-મહોત્સવના સમાપન પછી બીજે દિવસે — તા. ૨-૪-૮૯ રવિવારે—સવારે સમૂહપૂજાના ભવ્ય આયોજન તથા પૂજ્ય ગુરુદેવના ટેપપ્રવચન પછી આગામી '**પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી-જન્મશતાબ્દી-મહોત્સવ**'ની નિમંત્રણપત્રિકા લખવાની મંગળ વિધિનો ભવ્ય સમારોહ યોજવામાં આવ્યો હતો. બંને (સમ્યક્ત્વજયંતી અને નિમંત્રણપત્રિકાલેખન) ભવ્ય પ્રસંગ સાથે હોવાથી મુંબઈ, રાજકોટ, વાંકાનેર, વઢવાણ, ભાવનગર, સુરેન્દ્રનગર, અમદાવાદ, દિલ્હી, ખંડવા વગેરે અનેક ગામોથી મહેમાનો સારી સંખ્યામાં આવ્યા હતા. નિમંત્રણપત્રિકાલેખન વખતે ગુરુ-ચરણસમર્પિતશ્રદ્ધાસર્વસ્વ મુમુક્ષુ ભક્તો ખૂબ હર્ષાનંદથી ઊછળી ગયા હતા, બહેનોએ ગુરુ-ભક્તિગીતોની રમઝટ જમાવી હતી, રાસ પણ લીધા હતા. મુમુક્ષુ ભક્તોને આગામી જન્મશતાબ્દી-મહોત્સવ માટે એટલો બધો આનંદભીનો ઉલ્લાસ હતો કે જન્મશતાબ્દી-ફંડ, ગુરુ-જન્મશતાબ્દી-વધામણી માટે સુવર્ણચંદ્રકો, જન્મશતાબ્દી-વિશેષાંક વગેરેમાં રકમો નોંધાવવાની ખૂબ પડાપડી થઈ હતી—બોલનાર ને લખનાર થાકી જતા હતા. તે વખતે ગુરુદેવ પ્રત્યે ભક્તિ-ઉલ્લાસની જે ભરતી ઊછળી હતી તે બધો પ્રતાપ, ગુરુમહિમા શીખવનાર પૂજ્ય ભગવતી માતાનો જ છે—એમ બધાને અનુભવ થતો હતો.

# ✻ કહાનગુરુ-જન્મશતાબ્દી ✻

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા—પરમોપકારી પૂજ્ય કહાનગુરુદેવનો અનુપમ મહિમા બતાવનાર, પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ધર્મોદ્યોતકારી મંગલ છાયામાં—અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીમાં ઉજવાયેલો તા. ૨૯–૪–૮૯ થી તા. ૭–૫–૮૯ (વૈશાખ સુદ બીજ) તથા તા. ૮–૫–૮૯ ના દિને ગુરુજન્મધામ ઉમરાળાની ભવ્ય યાત્રા એમ દસ દિવસનો—આ જિનધર્મપ્રભાવનાવર્ધક મંગલમય '**પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી-જન્મશતાબ્દીમહોત્સવ**' ગુરુભક્તિનો ખરેખર એક અભૂતપૂર્વ, અસાધારણ આનંદોલ્લાસપૂર્ણ તેમ જ અનુપમ સમારોહ હતો. ગુરુભક્તિથી ભક્તહૃદયો રથયાત્રા વગેરે વિવિધ અવસરે એવાં ઊછળતાં જોવામાં આવતાં કે જાણે ભાવિ તીર્થંકરભગવાનનો જન્મકલ્યાણકમહોત્સવ ઉજવાતો હોય! જન્મશતાબ્દી–મહોત્સવના ગુરુભક્તિભીના પ્રત્યેક કાર્યક્રમમાં ધર્મમાતા સ્વાનુભવમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની અસાધારણ ગુરુભક્તિપ્લાવિત અંતર્ભાવના, પ્રેરણા અને આશિષયુક્ત કૃપા ભક્તહૃદયોને થનગનાવી દેતી હતી. જન્મશતાબ્દીમહોત્સવને આવા અનુપમ ઢંગથી સફળ બનાવનાર ખરેખર પ્રેરણાસ્રોત હતી પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભવરસભીની લોકોત્તર ગુરુભક્તિ. ગુરુ-જન્મશતાબ્દીના મંગલ મહોત્સવનો અનેરો લાભ લેવા માટે દેશ-વિદેશથી ૯૦૦૦ મુમુક્ષુ મહેમાનો પધાર્યા હતા.

અધ્યાત્મતીર્થધામ શ્રી સોનગઢનાં સમસ્ત જિનાયતનો, અને (પૂજ્ય ગુરુદેવશ્રીનું સાધના, પ્રવચન ને નિવાસસ્થળ) શ્રી સ્વાધ્યાયમંદિર વગેરેનું સુશોભન જન્મશતાબ્દી-મહોત્સવને અનુરૂપ અતિ સુંદર અને મનમોહક કરવામાં આવ્યું હતું. ગુરુભક્તિનો મૌનપણે ઉદ્ઘોષ કરતાં મનોહર 'બૅનર', 'થરમોકોલ'ની બનાવેલી અનેકવિધ ભવ્ય શોભનસામગ્રી તથા સુશોભિત કમલયુક્ત મનોજ્ઞ ગુરુ-ચરણચિહ્ન અને 'ૐ', અતિ ભવ્ય વિશાળ પ્રવેશદ્વાર, ખૂબ જ સુંદર રીતે સજેલ પૂજામંડપ તેમ જ ગુરુદેવના ચિત્રપટનું 'સ્ટેજ' ઇત્યાદિ દ્વારા જન્મશતાબ્દી-મંડપની શોભા કોઈ અદ્ભુત લાગતી હતી, જાણે સ્વર્ગપુરી કે શાશ્વત જિનમંદિર હોય એવી ભવ્યતાનો સૌને અનુભવ થતો હતો. 'ઇલેક્ટ્રૉનિક સિસ્ટમ'થી ગતિમાન ભવ્ય દૃશ્યો પણ અતિ ચિત્તાકર્ષક હતાં.

દરરોજ સવારે પૂ. ગુરુદેવના ટેપપ્રવચન પછી આપણા વિદ્વદ્રત્ન આદરણીય પંડિતજી શ્રી હિંમતલાલભાઈ જે. શાહ દ્વારા કરાવવામાં આવતી (તેમના વૈરાગ્યરસભીના તેમ

જ દેવ-ગુરુભક્તિસુધાભરપૂર મધુર સ્વરથી ) ગુરુભક્તિ, ' **શ્રી સિદ્ધચક્રમંડલવિધાન-મહાપૂજા** ' તથા બપોરે જિનેન્દ્રભક્તિ વગેરે મુમુક્ષુસમાજને ભક્તિરસમાં નિમગ્ન કરીને અતિ પ્રમુદિત કરી દેતી હતી.

પૂર્ણિમાના પૂર્ણ ચંદ્રના યોગથી સમુદ્રમાં ભરતી આવે છે, તેમ પૂ. ભગવતી-માતારૂપ પ્રશમચંદ્રના ગુરુભક્તિભીના પવિત્ર યોગથી સુવર્ણપુરીમાં, કહાનગુરુ-જન્મ-શતાબ્દીના મંગળ અવસરે મુમુક્ષુ-મહેરામણમાં અસાધારણ ભરતી આવી હતી. જન્મશતાબ્દી-ઉત્સવના પ્રથમ દિવસે જ ૨૦૦૦થી અધિક ગુરુભક્તોની ઉપસ્થિતિ થઇ ગઈ હતી. ભવ્ય ઉત્સવને અનુરૂપ ' કાર્યક્રમ ' મુદ્રિત કરાવવામાં આવ્યો હતો, જેની સંક્ષિપ્ત રૂપરેખા નીચે મુજબ છે.

' પૂ. ગુરુદેવ શ્રી કાનજીસ્વામી-જન્મશતાબ્દી ' મહોત્સવનો ભવ્ય શુભારંભ પરમોપકારી પરમ-તારણહાર પૂ. કહાનગુરુદેવના મંગલમય પ્રવચનથી કરવામાં આવ્યો હતો. તત્પશ્ચાત શ્રી શાન્તિજાપ્યપ્રારંભ, મંડપશુદ્ધિ, ભવ્ય સમારોહપૂર્વક શ્રી જિનેન્દ્રભગવાનને પૂજામંડપમાં બિરાજમાન કરવાની મંગળ વિધિ, ધર્મધ્વજારોપણ, ઇન્દ્રપ્રતિષ્ઠા અને ત્યાર પછી ( શ્રી સિદ્ધચક્રમંડળવિધાનપૂજાની વિધિના મુખ્ય યાજક સૌધર્મ ઇંદ્ર–ઇંદ્રાણી, શેષ સર્વ ઇંદ્ર–ઇંદ્રાણી અને હજારો ગુરુભક્તોના અતિ આનંદોલ્લાસ સહ ) આદરણીય પં૦ શ્રી હિંમતલાલભાઈ શાહના વૈરાગ્યભક્તિભીના મધુર સ્વરભર્યા નેતૃત્વ તળે, વિધિપૂર્વક ' શ્રી સિદ્ધચક્રમંડળવિધાન ' મહાપૂજાનો પ્રારંભ થયો હતો.

## * સિદ્ધચક્ર-મહાયાગ *

પૂજ્ય ગુરુદેવની મંગળમય જન્મશતાબ્દીના સુઅવસરે આયોજિત શ્રી સિદ્ધચક્ર-મંડળવિધાન-મહાપૂજા, ખરેખર અભૂતપૂર્વ અને અસાધારણ આનંદોલ્લાસ સહ સંપન્ન થઈ હતી. અનેક હજારો ગુરુભક્તો એકસાથે, એક સ્વરે, જરા પણ થાક ને કંટાળા વિના ચાર–પાંચ કલાક સુધી પૂજામાં વ્યવસ્થિત બેસતા. બધા એકસાથે પૂજામાં બેસી શકે એવું વિશાળ અને ભવ્ય પૂજાનું ' સ્ટેજ ' બનાવવામાં આવ્યું હતું. બધાને માટે પૂજાનાં પુસ્તકો અને સામગ્રીની પૂરેપૂરી વ્યવસ્થા હતી. આદરણીય પં૦ શ્રી હિંમતભાઈના વૈરાગ્ય ને પ્રશમરસભીના મધુર સ્વરથી સંપન્ન થતી આ મહાપૂજાને સૌ કોઈ અંતરના આનંદથી અહોભાવતા હતા. ઘણા દિગંબરામ્નાયી મહાનુભાવો સાશ્ચર્ય કહેતા હતા કે " અમારા સમાજમાં ' સિદ્ધચક્ર'ની પૂજા તો ઘણે સ્થળે થાય છે, પણ આવા ભાવપૂર્વક,

આટલી શાંતિથી અને આવા ઉત્સાહથી હજારો માણસો એકસાથે પૂજા કરતા હોય એવું અમે અમારા જીવનમાં કદી જોયું નથી." ખરેખર આ બધો પ્રતાપ પૂજ્ય ગુરુદેવ અને તેમના પ્રભાવના-ઉદયનો તથા પૂજ્ય ભગવતીમાતાની ગુરુભક્તિપ્લાવિત મંગળ છાયાનો છે.

## * જન્મશતાબ્દીનિમિત્તે શતવાહનયાત્રા *

શ્રી ઘાટકોપર દિ૦ જૈન મુમુક્ષુમંડળના શુભ સહકારથી મુંબઈના કેટલાક ગુરુભક્ત ઉત્સાહી યુવકોએ 'શતવાહનયાત્રા'નું આયોજન કર્યું હતું. તા. ૩૦-૪-૮૯ના દિને સવારે મુંબઈથી પ્રસ્થાન કરીને તે યાત્રાની સુશોભનયુક્ત કેટલીક ગાડીઓ તા. ૧-૫-૮૯ના દિને સાંજે સોનગઢ આવી ગઈ હતી. તે વખતે તેમનું વાજતે-ગાજતે અતિ ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. સ્વાગતપ્રસંગે યુવાશક્તિનો ગુરુભક્તિભીનો ઉત્સાહ સ્પષ્ટ તરી આવતો હતો. શતવાહનયાત્રાસંઘમાં સૌથી અગ્ર હતું એક ખુલ્લા વિશાળ ટ્રકમાં ચારે દિશામાં ગોઠવેલાં પૂજ્ય ગુરુદેવનાં વિભિન્ન મુદ્રાવાળાં વિશાળ ભવ્ય ચિત્રપટ અને સોનગઢના જિનમંદિરના ભવ્ય દશ્યવાળું સુંદર ફ્લોટ (FLOAT). તે ફ્લોટ અને અન્ય મોટરવાહનો સહિતનું સ્વાગત સરઘસ ગામમાં ફરતુ હતું ત્યારે તે જોવા માટે ગુરુદેવનો મહિમા ગાતું આખું ગામ ઊમટી પડયું હતું.

* તા. ૨-૫-૮૯ના દિને ઇંદ્રોનું જુલૂસ રાખવામાં આવ્યું હતું. તે વખતે પણ ઇંદ્રો-ઇંદ્રાણીઓ પોતપોતાનાં વાહનોમાંથી ઊતરીને ભક્તિની રમઝટ જમાવતા હતા. પ્રશમમૂર્તિ પૂજ્ય ભગવતીમાતાના પ્રાંગણમાં તો સૌ કોઈનો ગુરુભક્તિભર્યો ઉત્સાહ વિશેષ ઊછળી ગયો હતો.

* ઉત્સવમાં પ્રતિદિન સવારે અનુક્રમે પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપપ્રવચન, ગુરુભક્તિ, 'શ્રી સિદ્ધચક્રમંડળવિધાન' મહાપૂજા, ધાર્મિક શિક્ષણવર્ગ, બપોરે—સમાગત વિદ્વાનોનું શાસ્ત્રપ્રવચન, પૂજામંડપમાં દેવ-ગુરુભક્તિ, ધાર્મિક શિક્ષણવર્ગ, પ્રશમમૂર્તિ પૂ. બહેનશ્રીનાં દર્શન, સાંજે—ગુરુભક્તિ, પૂ. ગુરુદેવશ્રીનું ટેપપ્રવચન અને ત્યાર પછી યાત્રાની વિડિયો-ટેપ દ્વારા પૂ. ગુરુદેવનાં દર્શન અથવા બહેનશ્રીની વિડિયો-ધર્મચર્ચા અથવા વિભિન્ન સાંસ્કૃતિક કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

* તા. ૩-૫-૮૯, બુધવારના શુભ દિને સવારે, અધ્યાત્મયુગસ્રષ્ટા પરમોપકારી પૂ. ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના ચિત્રમય 'અંતર્બાહ્ય-ધર્મપ્રભાવનાદર્શન'ના ભવ્ય ઉદ્ઘાટનની મંગળ વિધિ સંપન્ન થઈ હતી. 'અંતર્બાહ્ય-ધર્મપ્રભાવનાદર્શન'માં પૂ. ગુરુદેવ દ્વારા

સુવર્ણપુરીમાં તેમ જ ભારતવર્ષના અન્ય પ્રદેશોમાં થયેલી ધર્મપ્રભાવનાનાં તથા તીર્થયાત્રા વગેરેનાં ભવ્ય ચિત્રો (ફોટાઓ) વડે ગુરુદેવના ઉપકારોની પવિત્ર સ્મૃતિનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રશમમૂર્તિ પૂજ્ય ભગવતીમાતાના ગુરુભક્તિભીના માર્ગદર્શન તળે થયેલ આ ભવ્ય આયોજનમાં શ્રી પવનકુમારજી જૈન, અને (ફોટાઓ માટે) શ્રી સુરેશભાઈ પારેખ (વડોદરા) તથા મહાવીર સ્ટુડિયો (પાલીતાણા)નો સહૃદય સહકાર મળ્યો છે.

## * કહાનગુરુ-શોભાયાત્રા *

અતિ ભવ્યતાથી વિભૂષિત વિભિન્ન કાર્યક્રમમાં તા. ૪-૫-૮૯ના દિને સાંજે સ્વાનુભૂતિયુગપ્રવર્તક પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યૂની અતિ-ભવ્યતાપૂર્ણ શોભા-યાત્રાનો ક્રમ રાખવામાં આવ્યો હતો. એક હાથીની સવારી પર પૂજ્ય ગુરુદેવશ્રીના ભવ્ય ચિત્રપટ સહિત 'ગુરુદેવશ્રીનાં વચનામૃત', બીજા હાથીની સવારી પર ગુરુદેવશ્રીના ચિત્રપટ સહિત 'બહેનશ્રીનાં વચનામૃત', ચિત્તાકર્ષક સુંદર સુશોભનયુક્ત વિભિન્ન વાહનમાં પૂજ્ય ગુરુદેવશ્રીનાં બે મનોજ્ઞ સ્ટેચ્યૂ, શતવાહનયાત્રાનું ભવ્ય ફ્લોટ, આઠ બગ્ગીઓમાં અષ્ટમંગળ, તથા અનેક ખુલ્લી ઘોડાગાડીઓમાં સમયસાર આદિ પરમાગમો અને તદુપરાન્ત અનેક મોટરગાડીઓ ઇત્યાદિ સાજશણગારથી 'કહાનગુરુશોભાયાત્રા', ખરેખર તીર્થંકરભગવાનના જન્મકલ્યાણક-અવસરના વરઘોડા જેવી મનોહર લાગતી હતી. શોભયાત્રા પૂજ્ય બહેનશ્રીના આવાસ પાસેથી જ્યારે પસાર થઈ ત્યારે તેમની ગુરુભક્તિ-ભીના અંતરના અહોભાવથી ગુરુદેવને વધાવવાની વિધિ જોઈને ભક્તહૃદયો નાચી ઊઠ્યાં હતાં અને સૌએ ભક્તિગીતોથી અને જયકારના ગગનચુંબી નાદોથી વાતાવરણ આનંદોલ્લાસ-મય બનાવી દીધું હતું. સૌના હૃદયમાં એક જ ઘોળાતું હતું કે 'મહિમા અહો એ ગુરુ-કહાનનો.'

## * કહાનગુરુ-જન્મજયંતી : વૈશાખ સુદ બીજ *

(તા. ૭-૫-૮૯, રવિવાર)

૯૯ વર્ષ પહેલાં વિ. સં. ૧૯૪૬ની વૈશાખ સુદ બીજના શુભ દિને રવિવાર હતો અને આ વખતે પણ યોગાનુયોગ જન્મજયંતીનો વાર્ષિક દિવસ રવિવારના શુભ દિને હતો. ખરેખર પૂજ્ય ગુરુદેવનો અધ્યાત્મશાસનપ્રભાવક અનુપમ પ્રતાપ, પ્રશમમૂર્તિ પૂ. બહેનશ્રીની મંગળ છાયામાં, નિરભ્ર 'રવિ'ની પેઠે અખંડપણે અદ્યાપિ પ્રવર્તી રહ્યો છે. આજના પવિત્ર દિવસે અનુક્રમે પ્રાતઃ દેવ-ગુરુદર્શન, ગુરુ-જન્મમંગલવધાઈ, હજારો

મુમુક્ષુભક્તો દ્વારા કલ્યાણકારી ગુરુજન્મના પ્રતીકરૂપે 'જિનેન્દ્રપૂજાનો અતિ ભવ્ય સમારોહ, પૂ. ગુરુદેવશ્રીનું ટેપ-પ્રવચન, સમસ્ત મુમુક્ષુજગત વતી આદરણીય પં૦ શ્રી હિંમતભાઈ દ્વારા પૂ. ગુરુદેવ પ્રતિ ઉપકૃતભાવભીનો અતિ-ભાવવાહી ગુણાનુવાદ અને તત્પશ્ચાત્ 'જન્મશતાબ્દી'ની ઊજવણીના વિશિષ્ટ પ્રક્રમરૂપ પૂ. ગુરુદેવના સ્ટેચ્યૂ સમક્ષ વિશાળ મંડપમાં તેમને 'સુવર્ણચંદ્રક'થી વધાવવાનો ભવ્ય ક્રમ યોજવામાં આવ્યો હતો. બપોરે સમાગત વિદ્વાનના ગુરુભક્તિમય શાસ્ત્રપ્રવચન પછી જિનેન્દ્ર-રથસમારોહ, સાંજે આરતી અને પૂ. ગુરુદેવના ટેપપ્રવચન પછી યાત્રના વિડિયો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શનનો ભવ્ય કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

'ગુરુ-ગુણાનુવાદ'ના મધુર વક્તવ્યમાં આદરણીય પંડિતજીએ પૂજ્ય ગુરુદેવશ્રીના જીવનનું, સાધનાનું અને અનેકવિધ ઉપકારોનું પોતાની ગંભીરતાભરી, હૃદયસ્પર્શી તેમ જ અસાધારણ શૈલીથી સંક્ષેપમાં ભાવભીનું દિગ્દર્શન કરાવ્યું હતું, જે સાંભળી મુમુક્ષુહૃદયો સજળ-નયને ગુરુદેવના ઉપકારસ્મરણથી ભિંજાઈ ગયાં હતાં. પૂજ્ય ગુરુદેવને 'સુવર્ણચંદ્રક'થી વધાવવા માટે પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી મંડપમાં પધાર્યાં હતાં. તેઓશ્રી પધારતાં વાતાવરણ આનંદોલ્લાસથી ભરાઈ ગયું હતું. સર્વપ્રથમ પૂજ્ય બહેનશ્રીએ ઘણા જ ભક્તિભાવથી પૂજ્ય ગુરુદેવના ચિત્રપટનાં દર્શન કર્યાં, અને ત્યાર પછી તેમણે 'સ્વર્ણભાનુ ભરતે ઊગ્યો રે'—એ ગુરુભક્તિ, પૂજ્ય ગુરુદેવ પ્રત્યે અંતરના કોઈ અદ્ભુત ઉપકૃત-ભાવભીના અહોભાવથી કરાવી હતી, જે ઝીલતાં મુમુક્ષુમહેરામણ ગુરુમહિમાના આનંદ-તરંગોથી ખૂબ દોલાયમાન થઈ ગયો હતો.

'સુવર્ણચંદ્રક'થી વધાવવાની વિધિનો મંગળ પ્રારંભ પૂજ્ય ભગવતીમાતાના પવિત્ર કરકમળે કરવામાં આવ્યો હતો. પૂજ્ય બહેનશ્રીએ પોતાનાં કિંમતી રત્નો ને સુવર્ણચંદ્રકથી પૂજ્ય ગુરુદેવને વધાવ્યા હતા. અહો! તે વખતનું આનંદકારી ભવ્ય દૃશ્ય! સ્વાનુભૂતિ-પરિણત પૂજ્ય બહેનશ્રીની નમ્રતા અને દાસાનુદાસતાભીની ગુરુભક્તિ નિહાળીને આખું મુમુક્ષુજગત બહેનશ્રીની નિશ્ચય-વ્યવહારના સુમેળભરી પરિણતિને અહોભાવપૂર્વક વંદતું હતું,—વાતાવરણ આનંદોત્સાહથી ભરાઈ ગયું હતું. પૂજ્ય બહેનશ્રી પછી આપણા મુમુક્ષુસમાજના આદરણીય વિદ્વાન, ઊંડા આદર્શ આત્માર્થી, કુંદકુંદ-ભારતીના પનોતા પુત્ર, ગુરુદેવપ્રણીત અધ્યાત્મશાસનના વિશિષ્ટ રત્ન, ગુરુભક્ત પંડિત શ્રી હિંમતલાલભાઈ જે. શાહે પરમ-તારણહાર પરમોપકારી પૂજ્ય ગુરુદેવને પોતાના સુવર્ણચંદ્રકથી વધાવ્યા હતા, અને ત્યાર પછી અનુક્રમે ૫૦૦ મુમુક્ષુપરિવારે સુવર્ણચંદ્રકથી વધાવવાનો લાભ લીધો હતો. આ

ભવ્ય પ્રસંગે તો આખો મુમુક્ષુસમાજ આનંદહિલોળે હિલોળી રહ્યો હતો, કેમ કે આજનો 'ગુરુજન્મશતાબ્દી'નો મંગળ અવસર તેના જીવનમાં અતિ અસાધારણ હતો. જેમનો મંગળ-મય અવતાર લાખો ભવ્ય જીવોના કલ્યાણનું કારણ થયો છે એવા કલ્યાણમૂર્તિ કહાન-ગુરુદેવના આ જન્મદિનને કલ્યાણપ્રેમી મુમુક્ષુભક્તો 'જન્મકલ્યાણકદિન' એવા તીર્થંકરોચિત શુભ નામથી બિરદાવતા હતા. ખરેખર તીર્થંકર ભગવાનના જન્મકલ્યાણક જેવું જ આનંદમય વાતાવરણ સહજ સર્જાઈ ગયું હતું.

મુમુક્ષુજગતે પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની મંગલવર્ધિની કલ્યાણી છાયામાં, ગુરુદેવની સાધનાભૂમિ સોનગઢ મધ્યે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટના આશ્રયે, ઊજવેલો આ 'કહાનગુરુ-જન્મશતાબ્દી'નો મંગળ મહોત્સવ જૈન-ઇતિહાસના સુવર્ણપત્રમાં રત્નાક્ષરોથી આલેખવામાં આવે એવો અતિ અસાધારણ અને અદ્ભુત હતો. ગુરુભક્તિના આ અનુપમ અવસરને મૂર્ત રૂપ આપવામાં સૌ મુમુક્ષુઓનાં તન-મન-ધન ઊછળી ગયાં હતાં. પૂજ્ય ભગવતી માતાની આશિષવર્ષિણી મંગળ છાયા, પીઢ મુમુક્ષુભક્તોનું માર્ગ-દર્શન અને યુવા-મુમુક્ષુભક્તોની ગુરુભક્તિથી ઊછળતી કાર્યતત્પરતા,—એ ભવ્ય ત્રિવેણીનો સુભગ સંગમ હોય ત્યાં પછી શું કહેવું? 'પૂજ્ય કહાનગુરુ-જન્મશતાબ્દી'-મંગળ મહોત્સવને કલ્પનાતીતપણે સફળ બનાવવામાં ખરેખર આ ત્રિવેણીનો અનુપમ ફાળો છે. પૂજ્ય ગુરુદેવ, પૂજ્ય ભગવતીમાતા અને સાધનાતીર્થ સુવર્ણપુરી પ્રત્યે શ્રદ્ધાભક્તિ ધરાવતા મુમુક્ષુઓનું ગુરુભક્તિથી ભિંજાયેલું સંગઠન જોઈને સમાગત ઘણા મહેમાનો સાનુમોદન આશ્ચર્ય અનુભવતા હતા. ખરેખર આ બધો પ્રતાપ પૂજ્ય ગુરુદેવનો છે કે જેને મુમુક્ષુ-સમાજ પૂજ્ય બહેનશ્રીની કલ્યાણી અને કૃપાભીની છાયામાં માણી રહ્યો છે.

આ મહોત્સવમાં શાસ્ત્રપ્રવચન દ્વારા શ્રી હિંમતભાઈ ડગલી, શ્રી શશિકાંતભાઈ શેઠ અને ડૉ. પ્રવીણભાઈ દોશી, શિક્ષણવર્ગમાં બ્ર૦ ચંદુભાઈ ઝોબાળિયા તથા બ્ર૦ વ્રજલાલભાઈ શાહ, પૂજાવ્યવસ્થામાં શ્રી રજનીભાઈ મહેતા અને તેમના સાથીઓ, સુશોભન-કાર્યમાં શ્રી સુરેશભાઈ સંઘવી, વિપુલભાઈ મોદી અને તેમના સાથીઓ, હિસાબ-ખાતામાં શ્રી વસંતભાઈ દોશી, વિકાસભાઈ શાહ, વિનુભાઈ વોરા અને કાંતિભાઈ (લીંબડીવાળા) વગેરે, ભક્તિકાર્યક્રમ દ્વારા વઢવાણ તથા ઘાટકોપરની ભજનમંડળી, સાંસ્કૃતિક કાર્યક્રમ દ્વારા જામનગરની બાળાઓ તથા હૈદરાબાદનાં બાળકો વગેરેએ સુંદર સહયોગ આપ્યો હતો.

'પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી-જન્મશતાબ્દી'ના મંગળ મહોત્સવ પ્રસંગે અનેક-વિધ અસાધારણ ઉત્સાહભરી ઉછામણી આદિ પ્રસંગે મુમુક્ષુ ભક્તો તન-મન-ધનથી ઊછળી

જતા હતા. ઉછામણી લેવામાં તથા રકમો નોંધાવવામાં સ્વયંસ્ફુરિત પડાપડી થતી હતી. આ પ્રશસ્ત હરીફાઈનાં દશ્યોથી સમાગત ઘણા મહેમાનો આશ્ચર્ય અનુભવતા હતા.

ગુરુભક્તિના આ મંગળ મહોત્સવના અવસરે ઉપસ્થિત મુમુક્ષુસમાજ જેમ અસાધારણ વિશેષતાઓથી સંપન્ન થયેલ 'સિદ્ધચક્ર-મહાપૂજા'ને આનંદપૂર્વક અહોભાવતો હતો, તેમ સમસ્ત મહેમાનો ભોજન તેમ જ આવાસની સુંદર વ્યવસ્થાનો પૂરા સંતોષપૂર્વક પ્રમોદ વ્યક્ત કરતા હતા. ભોજનવ્યવસ્થા શ્રી ઉપનગર (મલાડ) દિ૦ જૈન મુમુક્ષુમંડળના કાર્યકરોએ અને ખંડવાના શ્રી રાજકુમારજી જૈન તેમ જ તેમના સાથીઓએ તથા આવાસવ્યવસ્થા ડો. પ્રવીણભાઈ દોશીના નેતૃત્વ-તળે રાજકોટના શ્રી કુંદકુંદ-કહાન દિ૦ જૈન યુવકપરિવારમંડળે સંભાળી હતી; અને પાણીની વ્યવસ્થા શ્રી હીરાલાલજી કાલા અને તેમના સાથીઓએ સંભાળી હતી, જે માટે તેઓ સૌ ખરેખર ધન્યવાદને પાત્ર છે.

તા. ૮-૫-૮૯, સોમવારે 'જન્મશતાબ્દી'ના ઉપલક્ષમાં પૂ. ગુરુદેવના જન્મધામની (ઉમરાળાની) યાત્રાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ઉમરાળામાં પરમોપકારી પૂ. ગુરુદેવના ભવ્ય સ્ટેચ્યૂની વિશાળ શોભાયાત્રા, આદરણીય પં૦ શ્રી હિંમતભાઈ દ્વારા ગુરુભક્તિ અને મધુરમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રીના મધુરા જીવનનું સંક્ષેપમાં ભાવવાહી વર્ણન, જિનેન્દ્રપૂજા અને દેવ-ગુરુની ભક્તિનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. ગુરુ-જન્મધામની આ મંગળ યાત્રા અતિ અદ્‌ભુત અને અપૂર્વ થઈ હતી.

—આ રીતે દેશવિદેશથી સોનગઢમાં એકત્રિત થયેલા હજારો ભક્તોએ પોતાના તારણહાર, અનુભવપ્રધાન અધ્યાત્મમાર્ગ બતાવનાર પરમોપકારી પૂ. ગુરુદેવનો જન્મશતાબ્દી-મહોત્સવ પૂ. બહેનશ્રીની મંગલ છાયામાં અસાધારણ આનંદોલ્લાસ સહ ઊજવ્યો હતો: સૌ પૂજ્ય બહેનશ્રીએ ગાયેલી નિમ્ન પંક્તિનો ભાવ હૃદયમાં પ્રમાણી રહ્યા હતા :

ગુરુકહાન તણો ઉપકાર ભરતે ગાજે રે,
સ્વાનુભૂતિભર્યો રણકાર ચેતન જાગે રે.

—*—

* પૂ. બહેનશ્રીની ૫૭ મી સમ્યક્ત્વજયંતીના શુભાવસરે ૫૭ના અંકમાં રૂા. ૩૫૯૧૦-૦૦ (૬૩૦×૫૭), વિભિન્ન ખાતાઓમાં રૂા. ૨૩૫૪૫-૦૦ તથા રૂા. ૪૩૨૭-૫૦ આરતી ખાતે સંસ્થાને આવ્યા હતા. એ પ્રમાણે આ મંગળ મહોત્સવમાં સંસ્થાને કુલ રૂા. ૬૩૭૮૨-૫૦ દાનખાતામાં જાહેર થયા હતા.

* 'સમ્યક્ત્વ-જયંતી'ના તેમ જ તેના આગળ-પાછળના દિવસોમાં પ્રશમમૂર્તિ

પૂ. બહેનશ્રી ચંપાબેનના પવિત્ર ચરણોમાં તેમ જ 'હાર' રૂપે જે કુલ રૂા. ૨૧૦૦૦-૦૦ આવ્યા હતા તે સંસ્થાના દેવ-શાસ્ત્ર-ગુરુનિમિત્તક વિવિધ ખાતામાં જાહેર કરવામાં આવ્યા છે.

* ધન્યાવતાર પૂ. બહેનશ્રી ચંપાબહેનને હીરાથી વધાવવાની ખુશાલીમાં—

રૂા. ૧૫૦૦૧-૦૦ શ્રી રળિયાતબેન રાયચંદભાઈ શાહ તથા રામજીભાઈ રૂપશીભાઈ, નાઇરોબી

૧૫૦૦૪-૦૦ શ્રી કનુભાઈ મણિલાલ પુનાતર તથા
શ્રીમતી ચંદનબેન કનુભાઈ પુનાતર, જામનગર

૫૭૦૦-૦૦ શ્રી પ્રવીણાબેન ખારા, મુંબઈ

૫૫૦૦-૦૦ શ્રી બાબુભાઈ નાનજીભાઈ શાહ પરિવાર, ઘાટકોપર

૫૦૧૪-૦૦ શ્રી શાન્તિલાલ હુકમચંદ જૈન પરિવાર, ખંડવા

૫૦૦૮-૦૦ શ્રી મનુભાઈ ત્રિભોવનદાસ ઝવેરી, મુંબઈ

૫૦૦૧-૦૦ શ્રી જગજીવનભાઈ બાઉચંદ દોશી પરિવાર, (સાવરકુંડલા)

૫૦૦૧-૦૦ શ્રી કંચનબેન હિંમતલાલ શેઠ, લીંબડીવાળા (હાલ બોરીવલી)

૫૦૦૧-૦૦ શ્રી આનંદકુમાર ફૂલચંદજી જૈન, હૈદરાબાદ

* રૂા. ૧૦૦૬૮૧-૦૦ (એક લાખ, છસો ને એકયાશી) 'પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી-જન્મશતાબ્દીમહોત્સવ' (તા. ૨૯-૪-૮૯ થી તા. ૭-૫-૮૯) દરમ્યાન પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં ચરણે તથા 'હાર'રૂપે આવેલ, તે રકમ પ્રવચનમંડપમાં કોતરાયેલાં હરિગીતનાં પાટીયાં ખાતે તથા પ્રવચનમંડપમાં ગોઠવવામાં આવેલા 'પૂજ્ય કહાનગુરુ-પ્રભાવનાદર્શન'ના ફોટાઓ ખાતે તેમ જ જ્ઞાનપ્રચાર ખાતે જાહેર કરવામાં આવ્યા છે.

* વૈશાખ સુદ ૧૦ (વીર-કેવળજ્ઞાનકલ્યાણક), વૈશાખ વદ ૬ (સમવસરણનો ૪૮મો વાર્ષિક પ્રતિષ્ઠાદિન), વૈશાખ વદ ૮ (સ્વાધ્યાયમંદિર અને તેમાં પ્રતિષ્ઠિત 'સમયસાર'ની બાવનમી વાર્ષિક તિથિ) અને જેઠ સુદ ૫ (શ્રુતપંચમી) પૂજાભક્તિના વિશેષ સમારોહપૂર્વક ઊજવવામાં આવશે.

—આ રીતે ધાર્મિક નંદનવન જેવી ગુરુદેવની આ પાવની તીર્થસ્થલી, પ્રશમમૂર્તિ પૂ. બહેનશ્રીની મંગલછાયામાં, આધ્યાત્મિક તત્ત્વજ્ઞાન, જિનેન્દ્રમહિમા અને પરમોપકારી પૂજ્ય ગુરુદેવના ઉપકારમહિમા આદિના પવિત્ર વાતાવરણથી સદૈવ લીલીછમ રહે છે. અહીંનું સાધનાપ્રેરક વાતાવરણ ભવ્યજીવોને વધુ ને વધુ આકર્ષે છે.

—o—

ૐ

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી-જન્મશતાબ્દી-ઉદ્યાપન-અંતર્ગત

( શ્રી ઘાટકોપર દિ૦ જૈન મુમુક્ષુમંડળ દ્વારા આયોજિત )

# ※ અધ્યાત્મજ્ઞાન-મહાયાગ ※

( તા. ૨૦-૫-૮૯ થી તા. ૨૮-૫-૮૯ )

અત્યંત આનંદોલ્લાસ સહ નિવેદન કે વીર-કુંદ-પ્રરૂપિત સ્વાનુભૂતિ-પ્રધાન અધ્યાત્મમાર્ગના સાતિશય પ્રભાવક, મુમુક્ષુજગતના તારણહાર, પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની જન્મશતાબ્દીની મંગળ ઊજવણીના અંગરૂપે, પ્રશમમૂર્તિ ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ગુરુભક્તિભીની શુભાશિષ તળે, શ્રી નેમિનાથ દિ૦ જિનમંદિર—ઘાટકોપરના પ્રાંગણમાં અમે—ઘાટકોપર દિ૦ જૈન મુમુક્ષુમંડળે—શ્રી જિનસહસ્રનામ-મહાપૂજા અને પૂજ્ય ગુરુદેવનાં ટેપ-પ્રવચન, સમાગત વિદ્વાનોનાં શાસ્ત્રપ્રવચન, ધાર્મિક શિક્ષણવર્ગો, પૂજ્ય બહેનશ્રીની અનુભવરસભીની વિડિયો-ધર્મચર્ચા વગેરે અધ્યાત્મતત્ત્વજ્ઞાન-ઉપાસનાનાં વિવિધ અંગો દ્વારા, તા. ૨૦-૫-૮૯, શનિવારથી તા. ૨૮-૫-૮૯, રવિવાર—એમ નવ દિવસનો 'અધ્યાત્મજ્ઞાન-મહાયાગ'સમારોહ યોજવાનો નિર્ણય કર્યો છે. ગુરુભક્ત સમસ્ત મુમુક્ષુ ભાઈ-બહેનોને આ પવિત્ર સમારોહપ્રસંગે પધારવાનું અમારું ભાવભીનું આમંત્રણ છે.

( આ પવિત્ર 'અધ્યાત્મજ્ઞાન-મહાયાગ'ના અવસરે ધાર્મિક વર્ગોના શિક્ષણાર્થીઓ માટે આવાસ-ભોજનવ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે. )

C/o શ્રી નેમિનાથ દિ૦ જિનમંદિર
પ્લોટ નં. ૨૨૭, આર. બી. મહેતા રોડ,
( ૯૦ ફૂટ રોડ ),
ઘાટકોપર, મુંબઈ—૪૦૦ ૦૭૭

વિજ્ઞાપક—
શ્રી ઘાટકોપર ( મુંબઈ )
દિ૦ જૈન મુમુક્ષુમંડળ

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી-જન્મશતાબ્દી-ઉદ્યાપન-અંતર્ગત

( શ્રી સુરત દિ૦ જૈન મુમુક્ષુમંડળ દ્વારા આયોજિત )

# 卐 શ્રી જિનબિંબવેદીપ્રતિષ્ઠા-મહોત્સવ 卐

(તા. ૨૯ થી ૩૧ મે, ૧૯૮૯)

અતિ હર્ષાનંદ સાથ જણાવવાનું કે સ્વાનુભૂતિપ્રધાન અધ્યાત્મ-માર્ગનો પુનરુદ્યોત કરનાર, આપણા પરમતારણહાર, પરમોપકારી પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની પાવની જન્મશતાબ્દીની મંગળ ઊજવણીના ભાગરૂપે, પ્રશમમૂર્તિ, ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની દેવ-ગુરુ-ભક્તિભીની શુભાશિષ તળે, અમારા—શ્રી સુરત દિ૦ જૈન મુમુક્ષુમંડળના—નવનિર્મિત ભવ્ય 'શ્રી સીમંધરસ્વામી દિ૦ જિનમંદિર'માં શ્રી સીમંધરાદિ ભગવંતોનાં પંચકલ્યાણકપુરસ્સરપ્રતિષ્ઠિત વીતરાગભાવવાહી મનોજ્ઞ જિનબિંબોને બિરાજમાન કરવા અર્થે શ્રી 'વેદીપ્રતિષ્ઠા-મહોત્સવ'નું ભવ્ય આયોજન વિ. સં. ૨૦૪૫, વૈશાખ વદ ૯, સોમવાર, તા. ૨૯–૫–૮૯ થી વૈશાખ વદ ૧૧, બુધવાર, તા. ૩૧–૫–૮૯—એમ ત્રણ દિવસનું રાખવામાં આવ્યું છે. દેવ-ગુરુભક્ત સમસ્ત મુમુક્ષુ ભાઈબહેનોને આ ભવ્ય સમારોહમાં પધારવાનું અમારું ભાવભીનું આમંત્રણ છે.

ઊતરવાનું સ્થળ :
લક્ષ્મી ભવન, સુભાષચોક, ગોપીપુરા,
સુરત–૩૯૫ ૦૦૧ ( ગુજરાત )

નિમંત્રક
શ્રી સુરત દિ૦ જૈન મુમુક્ષુમંડળ

#卐 धन्य-धन्य दिन आज है 卐

धन्य-धन्य दिन आज है, मंगलमय सुप्रभात है,
उजमबाके राजदुलारेका मंगल अवतार है;
धन्य-धन्य०

उमरालाके द्वार द्वार पर बाज रही शहनाईयां,
'मोती' राना 'उजमबा' घर मंगल गीत बधाइयां;
सुर-नर-नारी सब मिल मंगल जन्मोत्सवको मना रहे,
बालसुलभ लीलासे देखो सब खिलतीं हरियालियां;
पूर्णचन्द्र सम मुखडा तेरा जन-आकर्षणहार है,
सूर्यप्रभासे भी अधिका यह अनुपम तव देदार है।
धन्य-धन्य०

दिव्य विभूति कहानगुरुजी जिनकेसरी हैं जागे,
धर्मचक्रीकी अमर पताका देशोदेशमें फहराये;
ओ पुराण पुरुषोत्तम तू सर्वोत्तम सुमंगलकार है,
तुझ दर्शनसे भारतवासी धन्यभागी हैं कहलाये;
तीर्थ समा पावन मन है, खिला हुआ नन्दनवन है,
कल्याणी चिन्मूर्ति पर यह न्योछावर सब जगजन हैं।
धन्य-धन्य० २

चैतन्यप्रभुका अजब-गजबका रंग तुझमें छाया है,
और उसे ही भक्तोंके अंतस्तलमें फैलाया है;
स्वानुभूतियुक्त तेरी धवलकीर्ति दशदिशव्यापी,
साधकका विश्राम गुरु मंगल तीरथ कहलाया है;
वाणी अमृत-घोली है, सारी दुनियां डोली है,
वीतरागके गुप्त हृदयकी अंतर्ग्रन्थि खोली है।
धन्य-धन्य० ३

जनम-जनमका अंत करे तू ऐसा महिमावंत है,
करुणामय वात्सल्यमूर्ति गुरु अदभुत शक्तिवंत हैं;
कल्पवृक्ष सम वांछितदाता, भारत-भाग्यविधाता है,
तुझ मंगल छायामें जगमें जिनशासन जयवंत है;
ज्ञान और वैराग्य-भक्तिका संगम मंगलकार है,
कहान-गुरुवर शाश्वत चमको, वन्दन वारंवार है।
धन्य-धन्य० ४

गुणमूर्ति सीमंधरनन्दन स्वर्णपुरी-शणगार हैं,
जीवनशिल्पी नाथ अहो आत्मार्थीके आधार हैं;
दुषमकालमें मुक्तिदूत, भविभक्तोंको वरदान है,
तेरी स्वर्णिम गुणगणगाथा भवदधितारणहार है;
शाश्वत शरण तुम्हारा हो, चाहें जगत किनारा हो,
भवभवमें तुझ दास रहें, बस तू आदर्श हमारा हो;
धन्य-धन्य दिन आज है, मंगलमय सुप्रभात है,
उजमबाके राजदुलारेका मंगल अवतार है। ५

—o—

---

**આવશ્યક સૂચના:—**

'આત્મધર્મ'નો 'પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી-જન્મશતાબ્દી' -વિશેષાંક રવાના કરવામાં કારણવશાત્ વિલંબ થયો છે. એક અઠવાડિયામાં રવાના કરવાની વ્યવસ્થા થઈ જશે. આની નોંધ લેવા ગ્રાહકોને નમ્ર અનુરોધ છે.

Book–Post
PRINTED-MATTER



356 A Kantaben M. Ajmera
Modi No. 2
Sita Burdy
NAGPUR 440012